સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

યૂંટણી આવે ને અનામતનું ધૂણે આ ભૂત છે,
આપવું નથી મત મેળવવા માટે આ તૂત છે.
ખૂત છે વચ્ચે મોટી કોર્ટની જાણે છે બધા પક્ષો -
છતાંય લોકશાહી અને પ્રજા સાથે આ ધૂત છે.

હાઈકુ

આપ્યા વિના જ
બતાવે લોલીપોપ
અનામતનું...

મામા શકુનિ
યૂંટણીની ચોપાટે
'માસ્ટર સ્ટ્રોક'

ચિંતન

કુરુતે ગંગાસાગરગમનં વ્રતપરિપાલન મથવા દાનમ્ ।
જ્ઞાનવિહીનઃ સર્વમનને મુક્તિ, ભવતિ ન જન્મશતેન ॥

ઉપરોક્ત શ્લોક 'ચર્પટપંજરિકા' સ્તોત્રમાંથી લેવામાં આવેલ છે.

ચાહે તો ગંગાસાગર જા, ચાહે તો જાતજાતના વ્રત કે દાન કર, છતાં પણ જ્ઞાન વિના આ બધાંથી એક સો જન્મે પણ મુક્તિ નહી મળે.

ધાર્મિક, યાત્રાઓ, દાન-પુણ્ય, વ્રત-ઉપવાસ - એકટાણાં આ બધું જ જો ઈશ્વર પ્રયત્નની સાચી શ્રદ્ધા અને જ્ઞાન-પૂર્વકની સમજ વિના અંધશ્રદ્ધા કે દેખાદેખીથી થાય તો એનો કોઈ જ અર્થ નથી. 'તમે ચાર ધામ કરી?' બધાં જ્યોતિર્લિંગ કર્યાં ? ઉત્તરે-દક્ષિણે જઈ આવ્યાં ?' આ જો દેખાદેખીથી થાય તો એનો કોઈ મતલબ નથી. એ મુક્તિનું કારણ પણ ન બની શકે.

સુવિચાર

- હર ઉસ શખ્સ સે મેરા નાતા હૈ, જો ઈન્સાનિયત કે રિશ્તે નિભાતા હૈ - **ઈકબાબ પટેલ**
- તાજથી રાજા થવા એ જરૂરી નથી, 'ત્યજી'ને પણ રાજા થવાય - **નવનીત**
- ભક્ત હોય તો નરસિંહ મહેતા અને મીરા કે જેમાં ટેન્શન હંમેશા ભગવાનને જ લેવું પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનો માનવી એટલો હોંશિયાર છે કે આંખમાં ન દેખાય તેવા 'લેન્સ' પહેરે છે તે છતાં બીજાની આંખોની લાગણી વાંચવામાં નિષ્ફળ જાય છે - **ડો. સર્વેશ વોરા**
- ઈશ્વરીય શક્તિનો જો પરચો જોઈતો હોય તો આત્મનિર્ભર બનો - **બોધિ વૃક્ષ**
- જે સમર્પિત થાય છે એને અહંકાર રહેતો નતી અને તેના સંકલ્પ - વિકલ્પ શાંત થઈ જાય છે - **જીવનદીપ**
- આજનું ઔષધ : જેઠી મધનો પાઉડર એક ચમચી તેમાં અડધી ચમટી તજનો પાઉડર બે લવીંગ દોઢ કપ પાણીમાં ઉકાળીને ગાળીને પીવાથી શરદી-ઉધરસમાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

દ.ભારતના સંત રામુ વલ્લાર, કરુણા, દયા ને જ ભક્તિ ગણાવતા હતા. એકવારા તેમના ધનવાન ભક્તોએ ચોખા, સાકર, ઘી, તેલ, ઘઉંનો લોટ, ફળો વગેરે ઢગલાબંધ સામગ્રી લઈ સંત રામુ પાસે આવ્યા અને કહ્યું, 'સ્વામી, અમે એક યજ્ઞ કરવાનો સંકલ્પ લઈને આવ્યા છીએ. અમારી ઈચ્છા છે કે આ યજ્ઞ શ્રેષ્ઠત્તમ હોય અને એમાં આહુતિ આપના હસ્તે થાય. યજ્ઞ સફળ થશે તો તમારી શ્રદ્ધા વધશે.' ભક્તોની સામગ્રી જોઈ સંત રામુએ કહ્યું, 'તમારે મારા માર્ગદર્શન હેઠળ યજ્ઞ કરવો છે ? તો આવતીકાલે સવારે દસ વાગે આપ સૌ અહીં આવજો. હું તમને એક અલૌકિક અનુભૂતિ થાય એવો યજ્ઞ કરાવીશ, જે સંપૂર્ણ થતા તમને સૌને સાક્ષાત્ ઈશ્વર દર્શન થશે અને તમારી શ્રદ્ધા વધશે.' ભક્તજનો રાજી થતાં ઘરે ગયા. સંત રામુએ બીજે દિવસે. આ સામગ્રીનો ઉપયોગ કરી. ખીર, શીરો, દાળભાત શાક વગેરે વ્યંજન બનાવ્યા. અને યજ્ઞની બધી જ વસ્તુ આમાં વપરાઈ ગઈ. સંત રામુએ એમના વિસ્તારમાં વસંતા સૌ ગરીબોને ત્યાં બાળકોને ભાવપૂર્વક ભોજન માટે બેસાડ્યા. અને ધનવાન ભક્તોને કહ્યું, 'આ સો આપણા મહેમાન છે તેમને ભાવપૂર્વક ભોજન કરાવો. એમને તમે જાતે પીરસો અને મનમાં એવા ભાવ કરજો કે તમે યજ્ઞમાં આહુતિ આપી રહ્ય છો. અને આ જમવા આવેલા સૌને દરિદ્રનારાયણ સમજો જેમણે તમારી આહુતિ સ્વીકારવી છે.' ધનવાનોએ સંતની આજ્ઞાનો અનુભવ થયો. કે જે કયારેય પહેલા મળ્યો ન હતો.

જૂનું એટલું સોનું ન પણ નીવડે

તંત્રીસ્થાનેથી...

અંગ્રેજીમાં એક શબ્દપ્રયોગ છે : Spent force 'સ્પેન્ટ' એટલે ખરચાઈ ચૂકેલું અને 'ફોર્સ' એટલે બળ, શક્તિ, તાકાત. ઘરડા થઈ ગયેલા, જિંદગીથી હારી ગયેલા અને કશા કામના નહીં રહેલા વડીલો માટે આ શબ્દપ્રયોગ સવિશેષ રાજકારણના ક્ષેત્રમાં ઘણો જ લોકપ્રિય બની ગયો છે. પૂર્વ મુખ્યમંત્રીઓ, પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ અને સંગઠન ક્ષેત્રે કોઈ કાળે જેમના નામના સિક્કા પડતા હતા પણ હવે એ ચૂપચાપ ઘર સંભાળીને બેસી ગયા હોય કે જાહેરમાં આવી નવી નેતાગીરીની કટાક્ષ ભરી કોમેન્ટ્સ સાંભળવાનું ન ગમતું હોય છતાં હસવા ખાતર હસી નાખતા હોય એવા સિનિયર નેતાઓ માટે આ શબ્દપ્રયોગ બહુ ચલણી બની ગયો છે. જેમ મશીનને કે ડૉકટરે લખી આપેલી દવાગોળીની એક નિશ્ચિત એક્સપાઈરી ડેટ હોય છે એમ આવા નેતાઓને પણ એક તબક્કે હાંસિયે ધકેલી દેવાની પ્રથા જ નહીં, પરંપરા રહી છે. ભારતીય જનતા પાર્ટીમાં આવા નેતાઓની બહુ મોટી સંખ્યા છે જેમાં પાર્ટીની પાયાની ઈંટો જેવા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષીથી લઈ ગુજરાતમાં એક સમયે પાર્ટીના સર્વેસર્વા રહી ચૂકેલા પૂર્વ મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે. કોંગ્રેસમાં ખુદ નહેરુ ગાંધી પરિવારનાં મોભી સોનિયા વેળાસર જાતે જ ખસી ગયા છે અને જે ખસી જવા તૈયાર નથી એવા સંખ્ય નેતાઓને હાંસિયે ધકેલી દેવાયા છે. મણિશંકર ઐય્યર અને દિગ્વિજયસિંહ એનાં ઉત્તમ ઉદાહરણો છે. પરંતુ કયારેક 'ઘરડા ગાડાં વાળે'વાળી ઉક્તી કહેવત મુજબ સામે ચાલીને આવા સિનિયર આગેવાનોને નોતરું -મૂકવાની નોબત આવી જતી હોય છે. ખાસ તો જયારે પાર્ટી ધાર્યા કરતાં બહુ જ નબળી પડી ગઈ હોય અને એક પછી ચૂંટણીઓ હારી રહી હોય ત્યારે આવા ખૂણે કે વખારે નંખાઈ ગયેલા નેતાઓનો રાજયોગ એકાએક પ્રબળ બની જતો હોય છે. દિલ્હીના નગર રાજયમાં સતત ત્રણ વાર ચૂંટાઈ મુખ્યમંત્રી પદે આરૂઢ થનાર અને એ રાષ્ટ્રીય રાજધાનીના મહાનગરની કાયાપલટ કરનારાં શીલા દિક્ષીતનો ગઈ કાલ સુધી કોઈ ભાવ પૂછતું નહોતું. એકાએક રાહુલ ગાંધીને એમની ઉપયોગીતા સમજાઈ હોય એમ એમણે પરિણામ લાવવામાં નિષ્ફળ રહેલા અજય માકનને હટાવી શીલા દીક્ષિતને દિલ્હી પ્રદેશ કોંગ્રેસની ધુરા સોંપી છે. અદ્દલ એ જ લાઈનને અનુસરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિંદી રાજયોમાં બબ્બે-ત્રણ ત્રણ વાર પાર્ટીને સફળતા અપાવનારને હમણાંની ચૂંટણીમાં પ્રજાને જેમને જાકારો આપ્યો છે એવા શિવરાજસિંહ ચૌહાણ, ડૉ. રમણસિંહ અને વસુંધરા રાજે જેવી ત્રિપુટીને સંગઠનમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવા ઊંચા આસને બેસાડી એમની પાસેથી આગામી લોકસભાની ચૂંટણીમાં કામ લેવાનો નિર્ણય કર્યો છે. નીતિન ગડકરી જેવા નેતાઓ જયારે મોદી-શાહની જોડી વિરુદ્ધ હિંમતપૂર્વક બોલતા થયા છે ત્યારે સંગઠનમાં આ ત્રણ નેતાઓની સામેલગીરીનો વ્યૂહાત્મક નિર્ણય કદાચ અમીત શાહની પાંખો કાતરવાની જ કવાયત નીવડી શકે છે. કયારેક વખારે નંખાઈ ગયેલી આવી 'ફૂટી ગયેલી તોપો' પણ કમાલ કરી શકે, એવી શ્રદ્ધા અસ્થાને નથી. બીજું કંઈ નહીં, તો એમનો ઘવાયેલો 'ઈગો' તો સંતોષાય. ઘરખૂણે ઘલાઈ રહી ભૂતકાળ વાગોળવા કરતાં મેદાનમાં આવી ભીષ્મ પિતામહ કે ગુરુ દ્રોણની જેમ ભલેને શહીદી વહોરે!

'કયોકિ લોહા લોહે કો કાટતા હૈ...'

'કયોકિ લોહા લોહે કો કાટતા હૈ...'

- શોલે

૧૯૭૫માં રિલીઝ થયેલ 'શોલે' ને ભલા કોણ ભૂલી શકે ? ભારતીય સિનેમાની શ્રેષ્ઠત્તમ ફિલ્મોમાંની એક 'શોલે' ને ગણવામાં આવે છે. ફિલ્મના ઘણા બધા પાસા ફિલ્મને સફળ બનાવવા માટે મદદરૂપ હતા, પરંતુ સલીમ-જાવેદના સંવાદો કે જે આજે પણ દરેક વ્યક્તિના મુખે રમે છે, તેનું યોગદાન સૌથી વધુ હતું.

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

આમ જોવા જઈએ તો ઉપરોક્ત સંવાદ ઘણી બધી ફિલ્મોમાં બોલવામાં આવ્યો હશે, પરંતુ સંજીવકુમાર જે રીતે આ સંવાદ બોલે છે, તે જોતા મને શોલેનું જ આ દૃશ્ય માનસપટલ પર ઊપસી આવ્યું કે, જયારે અમિતાભ બચ્ચન ઠાકુર સાહેબને પૂછે છે કે - આપ કી નઝર મેં હમ ભી તો ચોર ઔર બદમાશ હૈ... તો ફિર આપને ગબ્બર કો પકડને કે લિયે હમે ક્યૂં ચુના ? ત્યારે સંજીવકુમાર કહે છે કે - 'કયોકિ લોહા લોહે કો કાટતા હૈ...' - કલ્ટ ડાયલૉગ, કલ્ટ ફિલ્મ.

હટકે ફિલ્મમાં આ હટકે સંવાદનું મૂળ સંસ્કૃત ભાષાના હટકે ગ્રંથ 'હિતોપ્રદેશ'માં રહેલું છે...

પાદલગ્નં કટસ્યેન કણ્ટકેનૈવ કણ્ટકમ્ ॥

- હાથમાં કાંટો લઈને પગમાં ઘૂસેલા કાંટાને કાઢવો જોઈએ.

નારાયણ પણ્ડિત દ્વારા વિરચિત અને પંચતંત્રથી પ્રભાવિત 'હિતોપદેશ' નીતિકથાઓનો અમૂલ્ય ખજાનો છે. આનો રચનાકાળ બારમી શતાબ્દી હશે તેવું માનવામાં આવે છે. હિતોપદેશની પહેલી નેપાળી હસ્તપ્રત ઈ.સ. ૧૩૭૩ માં પ્રાપ્ત થઈ હતી. હિતોપદેશના ચાર ભાગ છે, મિત્રલાભ, સુહૃદભેદ, વિગ્રહ અને સંધિ.

પ્રસ્તુત પંક્તિમાં પગમાં વાગેલ કાંટાને બીજા કાંટાથી જ કાઢવાની વાત કરવાં આવી છે... કહે છે ને કે... ઝેરનું મારણ ઝેર.... આવી અઢળક કહેવત અને રૂઢિપ્રયોગ આપણે છાશવારે ઉચ્ચારતા હોઈએ છીએ... હવેથી સંસ્કૃતની આ ઉક્તિ પણ સ્મરણમાં રાખશો ને?

- jayuoza@gmail.com,
Mo. 9898046488

રવિવારે કાવ્ય મહેફિલ

વૃત્તસંચય

● **વિસરાતી ગરવી ગુજરાતી માતૃભાષાના લોકોનો ઊંડો રસ કેળવાય અને માતૃભાષાનો વ્યાપ વધે અને તેમાં માતબર ખેડાણ થાય તથા માતૃભાષા સદાય મઘમઘતી, મહેંકતી અને ધબકતી રહે તે માટે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજવામાં આવતા અવનવા કાર્યક્રમો અંતર્ગત; સને ૨૦૧૯ના ઈસુના નવલા વર્ષના પ્રથમ માસે સાહિત્ય પ્રવૃત્તિની શરુઆતના પ્રારંભે, તા. ૧૩-૦૧-૨૦૧૯ને રવિવારના રોજ સાંજના ૪.૩૦ કલાકે 'કાવ્ય મહેફિલ'માં કવિ શૈલેષ પડ્યાના સ્વલિખિત કાવ્યોનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ, યુથ હોસ્ટેલ, સે-૧૬, ગાંધીનગર ખાતે યોજાશે. કાવ્યોને માણવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.**

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● **'વિચાર વર્તુળ' પાલનપુર દ્વારા 'થાનગટ - સદ્‌ભાવનાની ફોરમ' અને હું બાબતે નો એક કાર્યક્રમ તા.૧૩મી જાન્યુઆરી, ૨૦૧૯ને રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન, લોકનિકેતન - રતનપુર, તા. પાલનપુર ખાતે યોજાશે. જેમાં વિચક્ષણ હાસ્ય કલકાર શાહબુદ્દીન રાઠોડ પોતાનું વકતવ્ય આપશે. આ બાબતે જરૂર જણાયે સેવાભાવી સારસબેલડી સંજય-તુલાનો (મો.) ૯૪૨૬૩ ૮૮૨૩૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.**

● **ડો. બાબાસાહેબ આંબેડકર રિસર્ચ ઈન્સ્ટિટયુટ ઓફ સોશિયલ સાયન્સીસ (બારીશ) ગુજરાત અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ડો. બાબાસાહેબ આંબેડકર અને ગુજરાતમાં દલિત સાહિત્યનો વિકાસ' વિષયેનો બે દિવસીય પરિસંવાદ તા. ૧૨-૧૩ જાન્યુ. ૨૦૧૯ને શનિ-રવિવારે ગોલ્ડન જ્યુબીલી હોલ, ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક, ફતેહગંજ પોસ્ટ ઓફિસ ચાર રસ્તા, વડોદરા ખાતે સવારે ૯.૩૦ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન યોજાશે.**

- muljibhaidadhi@gmail.com

સાંઇ મકરંદ : આપણી મોંઘેરી મૂડી

ગાંધી ગિરા ગુજરાતીનું મહત્વ સમાજના સૌ લોકોને હોય તે સ્વાભાવિક છે. ભાષા એ માત્ર સંવાદનું માધ્યમ નથી. ભાષા સાથે જે તે પ્રજાના ઊંડા સંસ્કાર, સંસ્કૃતિ તથા પરંપરા જોડાયેલા છે. લોકના મનમાં રમી રહેલી વાતને ભાષા વાતચીતના વ્યવહારનું સ્વરૂપ આપવા મથે છે. આ સંદર્ભમાં પ્રાધ્યાપક ગણેશ દેવીની ચિંતા સાચી છે. કોઈ ભાષા અથવા બોલી જ્યારે ક્ષિણ થઈ જશે ત્યારે એક સમગ્ર પરંપરા પણ ક્રમશઃ લૂપ્ત થઈ જશે. આવી કંઈ કેટલીયે લોક બોલીઓ વિસ્મૃતિની ગર્તામાં સરી ગઈ હશે. ભાષાને જીવંત રાખવામાં કવિઓ - સર્જકોનો એક મોટો હિસ્સો છે. નરસિંહે પદો રચ્યા અને મસ્તીથી ગાયા તેથી ગુજરાતી ભાષાના એ ચિરંજીવી ઘરેણા સમાન બની ગયા. દલપત - નર્મદ તથા નાનાલાલે આપણી માતૃભાષાને નૂતન સ્વરૂપ આપવાનું પાયાનું કાર્ય સમર્થ રીતે કર્યું. આ ઉજળી પરંપરાના એક સાધક તથા સર્જક મકરંદ દવેએ પણ આપણી ભાષામાં અનેકવિધ સર્જન કરીને આપણી ભાષાને એક નૂતન ગરીમાનું પ્રદાન કરેલું છે. ૨૦૦૫ ના જાન્યુઆરીની ૩૧મી તારીખે કવિ મહાપ્રયાણ કરી ગયા. (જન્મ: ૧૩-૧૧-૧૯૨૨) જાન્યુઆરીમાં તેમનું વિશેષ સ્મરણ થાય તે સ્વાભાવિક છે. અનેક ગમતા ગીતોનો ગુલાલ કરીને મકરંદભાઈ આપણી સ્મૃતિમાં સદાકાળ સચવાઈ રહે તેવા સર્જક છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

આ ગીત તમને ગમી જાય
તો કહેવાય નહિ
કદાચ મનમાં રમી જાય
તો કહેવાય નહિ.

મકરંદભાઈનો ઉછેર જોતાં તેમના પર કુટુંબના સંસ્કારોની એક ઊંડી છાપ પડેલી દેખાય છે. કવિ સુરેશ દલાલ સાથેના સંવાદમાં કવિ મકરંદે પોતાના બાળપણની વાત જણાવી છે. મકરંદભાઈ કહે છે :

"મારો ઉછેર સૂર, ગીતો તથા ભક્તિ સાથે થયો છે. મારા મા કીર્તનો સારા ગાતાં. મારા એક પ્રજ્ઞાચક્ષુ મામી પણ તેમના મધુર કંઠથી કીર્તન—ભજનો ગાતા. જે મેં સાંભળ્યાં છે. " કેટલાક આખ્યાનો તેમજ પદોએ તેમના વ્યક્તિત્વનું કદાચ ઘડતર તેમજ પોષણ કર્યું હશે. "ભક્તિનો રસ અને રસની ભક્તિ" તેમને ગળથૂથીમાં મળ્યા તેવું મકરંદભાઈના ભાણેજ ડૉ. અશોક વૈદ્યનું અવલોકન યથાર્થ છે. રામનામ રસાયણે જેમનું જીવન પાંગરે તેમને પછી અન્ય રસાયણની ગરજ રહેતી નથી.

રામનામ રસાયણે
નવજન્મ નિત્ય ગ્રહો !
રામમાં રહો !

ભક્તિના વાતાવરણમાં ઉછરેલા આ સાધક પ્રકૃતિ સાથે પણ એટલુંજ તાદાત્મ્ય ધરાવે છે. મકરંદભાઈએ લખ્યું છે : " હું કુદરતના ખોળે ઉછર્યો છું. કુદરતમાં વહેતો માણસ છું. મને કોઈ અવરોધ નડ્યો નથી. કુટુંબ તરફથી મને કોઈ ઘાટી કે ઘરેડમાં ઢાળવાનો પ્રયત્ન થયો નથી. મારા ઉછેરમાં મને અવકાશ અને મુક્તિ મળેલા છે. જે ગ્રંથિઓમાં બંધાયેલા ન હોય અને મન — વચન — કર્મથી સહજ મુક્તિનો અનુભવ કરતા હોય તેમનેજ જીવનની દરેક ક્ષણે કોઈ ગાતા અને અદીઠા સંગાથની અનુભૂતિ થયા કરે છે. મકરંદભાઈએ લખ્યું છે અને જે સુંદર પંક્તિઓ ખૂબ પ્રસિધ્ધ પણ થઈ છે :

પગલું માંડું હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ
અજંપાની સદા સૂની કેડીએ
ગાતો આવે અદીઠો સંગાથ
જાગી જોઉં તો કોઈ નથી એકલું.

ગુજરાતી ભાષાનું ગૌરવ જેમણે વધાર્યું છે તેવા બે સમર્થ સર્જકો સ્વામી આનંદ તથા મકરંદ દવે વચ્ચેનો પત્ર વ્યવહાર કોઈપણ સમયે વાંચવો અને માણવો ગમે તેવો છે. સ્વામી અને સાંઇના વિશાળ વ્યક્તિત્વનો તેમાંથી પરિચય થાય છે. જેમના નામ તથા કામથી આપણે સૌ જ્ઞાત છીએ તેવા બહેન હિમાંશી શેલતે આ પત્રોના સંપાદનનું કાર્ય સુપેરે કરેલું છે. સ્વામી તથા સાંઇ મકરંદ બન્ને ભજનિક સંતો તરફ વિશેષ ઢળેલા છે. ધરતીના લૂણ સમાન આ સંતો આપણી ચેતનાનું સ્ત્રોત છે. આવા સંતો અલખ ધણીના આરાધક છે. દરેક ક્ષણને જીવી અને માણી લેનારા છે. તેમના જીવનને બારીકાઈથી જોઈએ તો તેમની ગઈકાલ ખરી પડી છે અને આવતી કાલ વળગી નથી. આવા હરિના દાસ નામ સ્મરણમાં સ્થિર રહે છે.

બીતત સો ચિંતત નહિ
આગે કરે નહિ આસ
આઈ સો સિર પર ધરી
જાન હરિકા દાસ.

સ્વામી તથા સાંઇ બન્ને સૌરાષ્ટ્રની ધીંગી વાણીના ઉપાસકો છે. સંતોની વાણી પાંડિત્યના બોજથી બેવડ વળી ગયેલી નથી. સંતોની વાણીમાં હૃદયને સ્પર્શી જાય તેવી શક્તિ તથા સરળતા છે. સ્વામી આનંદ આ સંદર્ભમાં મકરંદભાઈને લખે છે :

"સાક્ષરી - **sophisticated** — ભદ્રલોકની ભાષા મને ગમતી નથી અને તેથી કદાચ તે હું સમજી પણ શકતો નથી. અગર તો બહુ ઓછી સમજી શકું એવી ભાષામાં લખાયેલી કવિતા તો મુદ્દલ ન સમજુ. પ્રયત્ન પણ જવલ્લેજ કરું. "

સંતોની ગંગોત્રી સમાન સમાન વહેતી વાણીના સ્પર્શે મકરંદભાઈ ભીંજાયા છે. ભજનોની રસલહાણ તેમણે આકંઠ માણી છે. બાઉલ ભજનો તરફ પણ કવિનું વિશેષ આકર્ષણ રહેલું છે. ઉર્દૂ સાથે પણ મકરંદભાઈનો સારો ઘરોબો રહેલો છે. આથીજ સ્વામી સાથેના સાંઇના પત્રવ્યવહારમાં કવિ સરોદ, ઘાયલ સાહેબ જેવા તળના સર્જકોનો સતત ઉલ્લેખ થતો રહે છે. તળપદા શબ્દોનો અખૂટ ભંડાર એ મકરંદભાઈની મૂડી છે. આ સંતોને તેમનો આખરી આધાર તો પરમતત્વનોજ છે. સંસારની પદ પ્રતિષ્ઠાના એ મોહતાજ નથી. સંતોએ પોતાની મહત્તા કરી નથી. ભીડ પડે ત્યારે તો ચૌદલોકના સ્વામી તરફ તેમની દ્રષ્ટિ સ્થિર થાય છે. સરોદ લખે છે :

ભીડ પડ્યે ભડ આવો રે
એવો દૂબળિયાનો દાવો.

મકરંદભાઈ જેવા મોટા ગજાના કવિઓ આપણી મોંઘી મૂડીસમાન છે. એમના વાણી પ્રવાહને જેટલો પણ ઝીલી શકાય તેટલું જીવન રમણીય બને છે. સૌંદર્યનું તેમણે ગાયેલું ગાણું આકંઠ માણવા જેવું છે.

ગુજરાતી ગાંધી ચરિત્ર સાહિત્યમાં એક અમૂલ્ય ઉમેરો એટલે 'મને કેમ વીસરે રે'

નારાયણ દેસાઇની કલમે 'સદભિઃ સંગઃ' ની અનુભૂતિ

બાળપણ અને યુવાનીના બે દાયકા જેમણે ગાંધી સાથે વિતાવ્યા અને આજીવન ગાંધીવિચાર સાથે રચનાત્મક કાર્યોમાં અગ્રેસર રહીને સમાજ જીવનને ઘડવાનું કામ કર્યું એવા નારાયણભાઈ દેસાઈના પુસ્તકમાં લખાયેલી વાતોથી આપણે ગાંધીને ગાંધી વિચારને અને ગાંધીજનને સમજવાનો પ્રયાસ આ લેખમાળામાં ગત સપ્તાહથી કરી રહ્યા છીએ. ગત સપ્તાહે આપણે મહાદેવભાઈના પુસ્તક 'મને કેમ વીસરે રે' ની વાત માંડી હતી આજે પણ એ વાત - એ પુસ્તક અને શ્રી નારાયણભાઈ દેસાઈની જ વાતો અને વિગતોને વિસ્તારશું.

નારાયણ દેસાઈએ પોતાનું શિક્ષણ ગાંધીજીના સાબરમતી અને સેવાગ્રામ આશ્રમમાં લીધું છે ગાંધીજીના સચિવાલય સાથે, વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં અને જયપ્રકાશ નારાયણ સાથે શાંતિસેના અને લોક સમિતિના કામો નિમિત્તે તેમણે વ્યાપક પ્રયાસ કર્યા હતા. વ્યાપક પ્રવાસે તેમને અનેક લોકો સાથે સત્સંગ કરવાનો મોકો આપ્યો હતો. આનો તેમણે લેખન રૂપે સદુપયોગ કર્યો છે. મહાદેવભાઈના આ પુત્રને પણ નાનપણથી જ ડાયરી લખવાની ટેવ હતી. આ સારી ટેવને લીધે નારાયણભાઈના લખાણોમાં સત્યનો રણકો તો હોય જ છે પરંતુ સાથે સાથે તેનું એક અનેરૂ દસ્તાવેજી મૂલ્ય પણ હોય છે. અનેક ભાષાઓના જ્ઞાન અને વિશ્વ સાહિત્યના અધ્યયનને તેમની શૈલી રસથી સભર હોય છે. તેમણે ગુજરાતી હિન્દી અંગ્રેજી એમ ત્રણેય ભાષાઓમાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યા છે. તેમના લખાણોને કારણે તેઓ ગુજરાતી સાહિત્યમાં વ્યક્તિચિત્ર લેખક તરીકે ખૂબ જાણીતા હતા. નારાયણભાઈના પુસ્તક 'મને કેમ વીસરે રે' ના પ્રકાશક શ્રી ભાઈદાસભાઈ પરીખે એમના પ્રકાશકીયમાં નારાયણભાઈ વિશે બહુ થોડી પણ સરસ મજાની વાત થી તેમનો પરિચય આપ્યો છે.

ભાઈદાસ ભાઈ લખે છે, ભૂદાન યાત્રા નિમિત્તે નારાયણભાઈ ગુજરાતમાં પગપાળા ફર્યા ત્યારે એમનો નિકટવર્તી સંપર્ક થયો. 'ભૂમિપુત્ર'ના સંદર્ભમાં એ સંપર્ક સ્થાયી બન્યો. નારણભાઈએ જીવનના કોઈ પણ તબક્કે વિધિસરનું શિક્ષણ મેળવ્યું નથી છતાં તેમની સાથે વિતેલી બે-પાંચ પળો પણ એમના વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. ભાઈ નારાયણનું ગુજરાતી હિન્દી બંગાળી અને અંગ્રેજી ભાષા ઉપર નું અદ્ભુત પ્રભુત્વ જોતા એ ભ્રમ દૂર થાય છે કે માત્ર શાળા-કોલેજોની ચાર દીવાલોમાં જ શિક્ષણ શક્ય છે. સંતો વિદ્વાનો અને મૂક સેવકોનો ભાઈ નારાયણને મળેલો સતત સહવાસ પ્રેરક બન્યો છે એમ અતિશયોક્તિ કર્યા વિના કહી શકાય. નારાયણભાઈએ 'મને કેમ વીસરે રે' પુસ્તક દ્વારા ગુજરાતી ચરિત્ર સાહિત્યમાં એક અમૂલ્ય ઉમેરો કર્યો છે.

આ પુસ્તક વાંચતા આપણને સમજાય છે કે જીવનમાં આ સાંપડતો વિરલ વિભૂતિ યોગ વ્યક્તિને કેવી સભર કરી દે છે અને જીવનનું સાચું શિક્ષણ ઘડતર એ સી ચીજ છે! આશા છે, સંત સમાગમમાં રમમાણ ભાઈ નારાયણની કલમે નિપજેલા આ ચરિત્રો વાચકને 'સદભિઃ સંગઃ' ની અનુભૂતિ કરાવશે. દેશી હોય કે વિદેશી, જાણીતી હોય કે અજાણી, સ્ત્રી હોય કે પુરુષ નારાયણ ની કલમે થોડા પણ સચોટ શબ્દોમાં સૌ વિભૂતિઓની આંતરબાહ્ય કથાને ઝીલી છે.

નારણભાઈ તેમના પુસ્તક,' મને કેમ વીસરે રે' પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે -

'માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે
આવો જેને કરવી હોય ઉજાણી રે".

સત્સમાગમની લહાણી એવા શીર્ષક સાથે તેઓ લખે છે, વહેંચીને ખાવાની વાત વિનોબાએ શીખવાડી.

જિંદગીમાં પોતાની સૌથી મોટી મૂડી કઈ? એવો પ્રશ્ન કરવા સાથે તેનો જવાબ પણ તેઓ વાળે છે, એક મૈત્રી બીજી સત્સંગતિ. એની લાગણી ન કરું તો એકલપટો ગણાઉંને? આ વિચાર વર્ષો સુધી મનમાં ઘોળાયા કર્યો. સો એક જેટલી અવિસ્મરણીય વ્યક્તિઓની યાદી પણ કરી રાખી હતી. વિચારણા તો એવી હતી કે એમાંથી કેટલીક વિશે ખૂબ ખૂબ અભ્યાસ કર્યા પછી જ લખીશ એમ તેમણે નક્કી કર્યુ હતું.. પણ પછી તેમણે જોયું કે 'વધુ રૂડાપણા'નો અહ રૂડાપણાની આડે આવે એમ હતો. કોઈક મિત્રે ટકોર પણ કરી કે મનમાં જ ધાર્યા કરીશ તો ધારેલું મનમાં જ રહી જશે. પરંતુ નારાયણભાઈ રોજિંદા કામોની દોડાદોડીમાં બધા સંસ્મરણો એક સાથે લખી શકું એટલી નવરાશ મળવાની જ નહોતી. પરિણામે તેમણે વર્તમાનપત્રમાં દર અઠવાડિયે એક લેખ છપાવવાનું શરૂ કર્યું. લેખ પ્રસિદ્ધ થવાની શરૂઆત થઈ અને તરત જ થોડા દિવસોમાં વારંવાર માગણીઓ આવવા માંડી કે આ લેખોને પુસ્તકાકારે ક્યારે છાપો છો? આ સવાલોના પરિણામે આપણને આ સરસ મજાનું પુસ્તક મળ્યું છે એમ કહી શકાય.



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

નારાયણભાઈ આ પુસ્તકમાં જેમના વિશે રેખાચિત્ર દોરે છે તેમના વિશે વાત કરતા લખે છે આ સૌને સમાન રીતે ઓળખતો નથી. એમાંના કેટલાક એટલા નજીક હતા કે એમને વિશે વિશિષ્ટ એવો કોઈ પ્રસંગ યાદ આવે જ નહીં. કેટલાક એટલા દૂર કે માત્ર એકાદ પ્રસંગ જ યાદ હોય. કેટલાક એટલા જાણીતા કે એમના વિશે નવું શું કહેવાનું હોય એમ થાય. કેટલાક એવા ઓછા જાણીતા કે પ્રસંગ કરતા એમની ઓળખાણ આપવી જ વધુ જરૂરી લાગે. આ બધા ચરિત્રો વિશે તેમણે એક સામાન્ય એ દર્શાવી કે આ બધા જ વ્યક્તિત્વોએ તેમના ચિત્ત પર અમીટ છાપ પાડી છે. અને એટલા માટે તેમણે કૃષ્ણ- સુદામાના બોલ મથાળા તરીકે પસંદ કર્યા છે. વધુ આવતા અંકે....

ભારતીય યુવાનોના આદર્શ સ્વામી વિવેકાનંદ

સન ૧૮૯૫થી સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ૧૨મી જાન્યુઆરીને સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઊજવવામાં આવે છે. સ્વામીજીની ફિલોસોફી અને તેમનું કાર્ય ભારતીય યુવાનો માટે પ્રેરણાસ્રોત છે.

ભારત વિશ્વનો એક 'યુવા દેશ' છે, જયાં ૩૫ વર્ષથી ઓછી વયના યુવાનોની સંખ્યા કુલ જનસંખ્યાના ૬૫ ટકા જેટલી છે. યુવાનો કોઈ પણ દેશના નિર્માણમાં મહત્ત્વનું ચાલક બળ હોય છે. વિવેકાનંદ કહેતા 'જેવું તમે વિચારશો, તેવા તમે બનશો' જો તમે તમારી જાતને નિર્બળ માનશો, તો તમે નિર્બળ બનશો. એ જ રીતે, જો તમે તમારી જાતને શક્તિશાળી માનશો તો તમે શક્ત